**લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો, ગુજરાત રાજય, અમદાવાદનાં કાર્યક્ષેત્ર હેઠળ કરારના ધોરણે કાયદા સલાહકારની જગ્યા ઉપર નિમણૂક**

ભ્રષ્ટાચાર નાબૂદી અભિયાનની અસરકારકતા માટે લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો ખાતે **કાયદા સલાહકાર**ની સરકારશ્રી દ્ધારા મંજૂર થયેલ જગ્યા ઉપર કરારના ધોરણે નિમણૂંક આપવાની છે.

**જગ્યાઓ: ૮**

**સંભવિત નિમણૂકનું સ્થળ:**

(૧) એ.સી.બી. મુખ્ય મથક, એ.સી.બી., ગુ.રા., અમદાવાદ– ૧ જગ્યા

(૨) અધિક નાયબા નિયામકશ્રી ,એ.સી.બી.,ગાંધીનગર એકમ,ગાંધીનગર. ૧ જગ્યા.

(૩) મદદનીશ નિયામક, એ.સી.બી. અમદાવાદ એકમની કચેરી, અમદાવાદ – ૧ જગ્યા

(૪) મદદનીશ નિયામક, એ.સી.બી. વડોદરા એકમની કચેરી, વડોદરા–૧ જગ્યા

(૫) મદદનીશ નિયામક, એ.સી.બી. સુરત એકમની કચેરી, સુરત–૧ જગ્યા

(૬) મદદનીશ નિયામક, એ.સી.બી. રાજકોટ એકમની કચેરી, રાજકોટ– ૧ જગ્યા

(૭) મદદનીશ નિયામક, એ.સી.બી. જૂનાગઢ એકમની કચેરી, જૂનાગઢ – ૧ જગ્યા

(૮) મદદનીશ નિયામક, એ.સી.બી. બોર્ડર એકમની કચેરી, ભૂજ – ૧ જગ્યા

- ઉમેદવારે ઈન્ટરવ્યુ માટે આ હેતુ માટે બનાવવામાં આવેલ કમિટી સમક્ષ અમદાવાદ ખાતે તારીખ સમયે અને સ્થળે હાજર રહેવાનું રહેશે.
- ઈન્ટરવ્યુની હાજરી માટે ઉમેદવારને કોઈ ભાડા ભથ્થું ચૂકવવામાં આવશે નહી.

**લઘુત્તમ શૈક્ષિણક લાયકાત:**

- માન્ય યુનિવર્સિટીમાંથી કાયદા સ્નાતકની પદવી મેળવેલ હોવી જોઈએ.

**અરજી માટેની પાત્રતા:**

- નિવૃત્ત જજ – નિવૃત્ત/જૂના પબ્લીક પ્રોસીકયુટરો/ એ.સી.બી.ના કેસોના અનુભવી વકીલો
- ઉમર વર્ષ : ૪૫ થી ૬૫

**અપેક્ષિત ગુણવત્તા :**

- કાયદા ક્ષેત્રેમાં વકીલ તરીકે ૭ વર્ષનો અનુભવ હોવો જરૂરી છે.નિવૃત ન્યાયાધીશ તથા નિવૃત સરકારી વકીલશ્રી પણ અરજી કરી શકશે
- સેશન્સ કોર્ટમાં કેસો ચલાવેલા હોવા જોઈએ. ખાસ એ.સી.બી.ના કેસો ચલાવેલ હોય તેને પ્રાધાન્ય આપવામાં આવશે.
- આવા પોતે ચલાવેલ કેસમાં જે ચુકાદો આવેલ હોય તેની નકલ બીડવી. નકલ નહી રજુ કરનારની અરજી ધ્યાને લેવાશે નહીં.
- ગુનાને લગતા કાયદાનું જ્ઞાન તેમજ અનુભવ ધરાવતા હોવા જોઇએ.
- લાંચના કેસોનો અનુભવ ધરાવતા ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે.
- ઉમેદવાર કોમ્પ્યુટર તેમજ ઈન્ટરનેટનું જ્ઞાન અચૂક ધરાવતા હોવા જોઈએ.
- નિમણુંકની સ્થળે ઉમેદવારનું રહેઠાણ હોવું જરૂરી છે. અને તેઓ અપ–ડાઉન કરી શકશે નહી
- ઉમેદવાર અગ્રેજીનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.
- ઉમેદવાર જો નિવૃત અધિકારી/કર્મચારી હોય તો તેવો વિરુદધ કોઇ ખાતાકીય કાર્યવાહી થયેલ ન હોવી જોઈએ. **૬૨ વર્ષ ની ઉમર બાદ નિમણૂંક મળી શકશે નહી.**
- ઉમેદવાર વિરુદધ કોઇ ગુન્હો દાખલ થયેલ ન હોવો જોઇએ.
- વ્યવસાયીક કાયદાકીય સંસ્થાઓનું સભ્ય પદ હોવું જરુરી.જેનો આધાર રજુ કરવાનો રહેશે. રજુ ન કરનાર ઉમેદવારો ને ધ્યાને લેવામાં આવશે નહી.

નિમણૂક પામતા ઉમેદવારે કરાર આધારિત નિમણૂંક હોઈ, નકકી કરાયેલ ધોરણનુસારનો કરાર કરવાનો રહેશે કરારની શરતો સરકારશ્રી તથા બ્યૂરો દ્વારા થતા નિયમો અને તેમાં થતાં વખતો–વખતના સુધારા નિમણૂક પામતા ઉમેદવારને બંધનકર્તા રહેશે. નિમણૂક પામતા ઉમેદવારને કરવાના થતાં કરાર અન્વયેની બોલીઓ તથા શરતો આ સાથે નિરીક્ષણ અર્થે મુકેલ છે.

**કાયદાકીય સલાહકાર તરીકે લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો ખાતે કરારના ધોરણે નિમણૂક માટેનું અરજી ફોર્મ**

પાસપોર્ટ ફોટો

| | | |
|---|---|---|
| ૧ | નામ | |
| ૨ | જન્મ તારીખ | |
| ૩ | સરનામું | રહે.....................................<br>............................................<br>ટેલી./મો/ઈ–મેલ...................<br>કચેરી.....................................<br>...........................................<br>ટેલી/મો/ઈ–મેલ................... |
| (એ) | હાલની પ્રેકટીસનું સ્થળ | |
| ૪ | શૈક્ષિણક લાયકાતની વિગત (સ્નાતકથી શરૂ કરી) | |

| પાસ કરેલ પરીક્ષા | પાસ કર્યાનું વર્ષ | કોલેજ | યુનિવર્સિટી | મેળવેલ વર્ગ/ગ્રેડ | ટકા અને માર્કસ | ખાસ વિષય |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | વકીલ તરીકે સનદ મેળવ્યાની તારીખ | | | |
| ૬ | અનુભવ (ગુના અને લાંચ રૂશ્વત ના કેસો) | સેસન્સ/મેટ્રો/ નીચલી કોર્ટ | હાઈકોર્ટ | સુપ્રિમ કોર્ટ |
| | (i) At Bar (in year) | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | (ii) | No. of criminal case handled | | | | |
| | (iii) | No of cases when appeared on behalf of | | | | |
| | | (a) | ACB,<br>Central, State<br>Government, Ministries &<br>Organizations | | | |
| ૭ | લડવામાં આવેલ અગત્યના કેસો(સંખ્યા) (કેસ નં-સાથે) કુલ આંકડો | | | સેસન્સ/મેટ્રો/ નીચલી કોર્ટ | હાઈકોર્ટ | સુપ્રિમ કોર્ટ |
| ૮ | કેસોમાં મળેલ સફળતા (સંખ્યા) (આંકડા-નંબર સાથે) | | | સેસન્સ/મેટ્રો/ નીચલી કોર્ટ | હાઈકોર્ટ | સુપ્રિમ કોર્ટ |
| ૯ | કોઈ સંસ્થા/સરકાર(રાજય/કેન્દ્ર) સરકારી વિભાગ/ખાનગી સંસ્થાના પેનલ વકીલ તરીકે કામગીરી સંભાળતા હોય/સંભાળેલ હોય તો તેની વિગત | | | | | |
| ૧૦ | અગાઉ ગુન્હો દાખલ થયેલ હોય તો તેની વિગત/બારકાઉન્સીલ દ્વારા કોઈ શિક્ષાત્મક કાર્યવાહી થયેલ હોય કે ચાલુ હોય તેની વિગત | | | | | |
| ૧૧ | નિમણૂક માટેના સ્થળની અગ્રતા | | | | | |

અરજીમાં દર્શાવેલ તમામ વિગત અમારી માન્યતા મુજબ સાચી છે
અગાઉ બ્યૂરો દ્વારા આ જગ્યા માટે મંગાવવામાં આવેલ અરજીઓ સમય મે કોઈ અરજી કરેલ નથી.

ઉમેદવારની સહી

સ્થળ:

તારીખ:

નોંધ: (૧)અરજી સાથે ઉપર જણાવેલ વિગતોનો જરૂરી આધાર અચૂક મોકલવાના રહેશે,
(૨)અસીલ માટે લડવામાં આવેલ કેસમાં તરફેણમાં આવેલ ચુકાદાના એક જજમેન્ટની નકલ ફરજીયાત બિડાણ કરવાની રહેશે.

બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ નાં નામ, સરનામા, (૧)
ફોન નંબર. (૨)

## પરિશિષ્ટ–૧

## ૧૧ માસના સમય માટે કરારના ધોરણે અપાતી/માનદ્દ વેતનથી નિમણૂંકો અંગેની બોલી અને શરતો

૧. શ્રી (નિમણૂંક અપાતા ઉમેદવારનું નામ) તેઓ હાજર થાય તે તારીખથી પ્રથમ તબક્કે ૧૧ માસની મુદત માટેની રહેશે.

૨. નિમણૂંક કરનાર કે નિમણૂંક પામનાર બંન્ને પક્ષો એક માસની નોટિસ આપીને કરાર નિયુકિતનો અંત લાવી શકશે.

૩. તેઓએ ...........................................................એકમની કચેરી ખાતે ફરજો બજાવવાની રહેશે.

૪. તેઓની સામાન્ય ફરજો અને જવાબદારીઓ આ સાથે સામેલ પરિશિષ્ટ–૨માં જણાવ્યા પ્રમાણેની રહેશે.

૫. તેઓને રૂ. ૪૦,૦૦૦/–(અંકે રૂપિયા ચાલીસ હજાર પૂરા) માસિક એકત્રિત રકમ મળવાપાત્ર રહેશે.

૬. ઉપર પ્રમાણેના એકત્રિત વેતન પર તેમને કોઈપણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહી.

૭. કરારના સમયગાળા દરમિયાન તેઓને એકત્રિત વેતનમાં કોઈપણ પ્રકારનો વધારો કે ઈજાફો, મોંઘવારી ભથ્થું, વચગાળાની રાહત તથા પગારપંચના બીજા કોઈ પણ પ્રકારના લાભો મળવાપાત્ર થશે નહી.

૮. કરારના સમયગાળા દરમિયાનની નોકરી બદલ વધારાનું બોનસ, એલ.ટી.સી. લીવ એન્કેસમેન્ટ, પેશગી કે તેવા અન્ય કોઈ પણ પ્રકારના નાણાકીય લાભો મળવાપાત્ર થશે નહી.

૯. કરારના સમયગાળા દરમિયાન તેઓનું અવસાન થાય તો તેમણે બજાવેલ ફરજના સમયગાળાના એકત્રિત વેતનની લેણી રકમ તેઓના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. પરંતુ બીજા કોઈ નાણાકીય લાભ, એક્ષગ્રેસીયા લાભ કે રહેમરાહ નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહી.

૧૦. તેઓના કામકાજનો સમય રાજય સરકારની કચેરીના સમય મુજબનો રહેશે. અને તે અનુસાર કચેરીમાં હાજરી આપવાની રહેશે. પ્રસંગોપાત વધુ સમયના કામ માટે કોઈ વળતર ભથ્થું આપવામાં આવશે નહી.

૧૧. તેઓને વર્ષ દરમિયાન ૧૧ પરચૂરણ રજા સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજૂરીથી મળવાપાત્ર થશે. અને અન્ય કોઈ રજા મળવાપાત્ર થશે નહી. અનિવાર્ય સંજોગોના કારણે જો તેમને વધુ રજા લેવાની થાય તો તેવી ગેરહાજરીના સમયગાળા સામે મળતી માસિક ઉચ્ચક રકમમાંથી પ્રમાણસર થતી રકમની કપાત કરવામાં આવશે.

૧૨. તેઓએ કાર્યમથક પર રહેઠાણ રાખવાનું ફરજીયાત રહેશે અને સક્ષમ અધિકારીશ્રી પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકશે નહી.

૧૩. તેઓએ સરકારી કામકાજ અર્થે પ્રવાસે જવાનું થાય તો તેવા પ્રસંગે સરકારના વર્ગ–૧ના અધિકારીશ્રીને મળતા લઘુત્તમ ગ્રેડ–પેના પગાર ધોરણમાં મળવાપાત્ર પગારના લઘુત્તમ પગાર ધોરણ મુજબ મુસાફરી ભથ્થું અને દૈનિક ભથ્થું મળવાપાત્ર થશે.

૧૪. તેઓને ગુજરાત સિવીલ સર્વિસીસ (કન્ડકટ) રૂલ્સ ૧૯૭૧માં ઠરાવેલ બાબતો બંધનકર્તા રહેશે અને તેનો ભંગ થયે કરારનો સમય કોઈપણ જાતની કાર્યવાહી વગર સમાપ્ત કરી શકાશે.

૧૫. તેઓએ મળનાર માસિક એકત્રિત વેતનની ત્રણ ગણી રકમનું બોન્ડ આપવાનું રહેશે.

૧૬. સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઈ જરૂરી શરતો નકકી થાય તે પણ બંધનકર્તા રહેશે.

૧૭. વ્યવસાય વેરા કપાત ફીકસ પગારમાંથી કરી લેવાની રહેશે.

૧૮. નિમણૂંકના સમય દરમિયાન તેમણે બજાવેલ સરકારી સેવાની બાબત અંગે કોઈ પણ પ્રકારની ફોજદારી કે દીવાની કાર્યવાહી સબબ રાજય સરકારની કોઈ જવાબદારી રહેશે નહીં.

૧૯. કરાર આધારિત ઉચ્ચક વેતનથી નિમણૂક પામેલ વ્યકિતને સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઈ હકક પ્રાપ્ત થશે નહી.

૨૦. ઉપરોકત શરતો નિમણૂક પામનાર વ્યકિતને સ્વીકાર્ય છે, તે અંગેનું સંમતિપત્ર અપવાનું રહેશે.

૨૧. તેઓએ દર ત્રણ મહિને કેટલા કેસમાં હાજર રહ્યા, કેટલા કેસોનો નિકાલ થયો તે પૈકી કેટલા કેસોમાં સરકાર વિરૂધ્ધ ચુકાદા આવ્યા તેની કોર્ટ કેસવારની ચોકકસ માહિતી સક્ષમ અધિકારીશ્રીને/નિયામકશ્રીને અચૂક રજૂ કરવાની રહેશે.

૨૨. લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો દ્વારા કરવામાં આવેલ કેસોમાં રાજય સરકારનું હીત કોઈપણ રીતે જોખમાય નહી તે રીતે કાર્યવાહી કરવાની રહેશે અને કેસ સાબિત રહે તે માટે સબળ રજૂઆત કરવાની રહેશે.

૨૩. લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરોને લગતા કોઈ કેસો આ સમયગાળા દરમિયાન સરકારની વિરૂધ્ધ લઈ શકાશે નહીં કે તેની કોઈ કાર્યવાહી હાથ ધરી/સલાહ આપી શકશે નહી.

સંપર્ક: ટે.ફોન નંબર ૦૭૯– ૨૨૮૬૯૨૨૮, ૨૨૮૬૦૩૪૩, ૨૨૮૬૦૩૪૧

નિયામક
લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો,
ગુજરાત રાજય, અમદાવાદ

## પરિશિષ્ટ–૨

### કાયદા અધિકારીશ્રીએ બજાવવાની રહેતી સામાન્ય ફરજો અને જવાબદારીઓની વિગતો

૧. એ.સી.બી. કચેરીના તમામ શાખાના નામદાર નીચલી અદાલત અને વડી અદાલત સમક્ષ ચાલતા તમામ કેસોની કામગીરી.

૨. એ.સી.બી. કચેરી ખાતેની તમામ શાખાઓના નામદાર સુપ્રિમકોર્ટ સમક્ષ ચાલતાં કેસોને લગતી કામગીરી.

૩. ગુજરાત રાજ્ય બહાર અન્ય કોર્ટોમાં ટ્રાન્સફર થયેલ કે થનાર કોર્ટ કેસોને લગતી તમામ કામગીરી.

૪. એ.સી.બી. કચેરીને લગતા કોર્ટ કેસોની કામગીરીના સંદર્ભે નામદાર સુપ્રિમકોર્ટના રાજ્ય સરકારના એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ અને આ કામે રાજ્ય સરકાર તરફથી જુદીજુદી કામગીરી સંદર્ભે રોકવામાં આવેલ એડવોકેટ સાથે સંકલનની કામગીરી.

૫. એ.સી.બી. કચેરીને લગતા કોર્ટ કેસો સંદર્ભે સંબંધિત શાખાઓના લાઈઝનમાં રહી કોર્ટ કેસો તથા તેને આનુષંગિક કામગીરી ઉપરાંત અંગત રસ લઈ કોર્ટ કેસો સંદર્ભમાં પેરાવાઈઝ રિમાર્કસ તૈયાર કરવા, સોગંદનામા તૈયાર કરવા, સરકારી વકીલ અથવા સરકારશ્રી દ્વારા રોકવામાં આવેલ વકીલશ્રીઓને બ્રીફ કરવા તેમજ કેસની મુદત/સુનાવણી દરમિયાન જે તે શાખાના સંકલનમાં રહી કોર્ટ ખાતે હાજરી આપવાની કામગીરી અને કેસ ચાલતો હોય ત્યારે સરકારી વકીલશ્રીનું Law Point તરફ ધ્યાન દોરી સરકારશ્રી પક્ષે અસરકારક રજૂઆત થાય તે જોવાની કામગીરી.

૬. ઉપરોકત કામગીરી સિવાય નિયામકશ્રી તરફથી કોર્ટ કેસોના સંદર્ભમાં જે કોઈ કામગીરી સોંપવામાં આવે તેવી તમામ પ્રકારની કામગીરી.

૭. ઉપર્યુકત કોર્ટ કેસો માટે કાયદા અધિકારીશ્રીએ જરૂર જણાયે સૂચના મળ્યે સામાન્ય કચેરી સમય ઉપરાંત, પ્રસંગ ઉપસ્થિત થયે, રોકાઈને તેમજ જાહેર રજાના દિવસે પણ કામગીરી બજાવવાની રહેશે. જેના માટે કોઈ વધારાનું મહેનતાણું કે ભથ્થું મળવાપાત્ર રહેશે નહી.

૮. લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો દ્વારા થતાં તમામ કેસોમાં નામ. કોર્ટો દ્વારા આપવામાં આવતાં હુકમોનો અભ્યાસ કરી કાર્યપધ્ધતિમાં જે ભૂલો રહી જાય છે તેની સુધારણા કરી, કાર્યપધ્ધતિ સુધારવી. જેથી કેસોમાં Conviction Rate વધે.

૯. લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો દ્વારા થતા તમામ કેસોની ઝડપથી સુનાવણી હાથ ધરાય અને આક્ષેપિત કર્મચારી ખોટી રીતે કેસ લંબાવે નહી. વધુ મુદતો મેળવે નહીં તે જોવાનું રહેશે. અને આ અંગે ઉપરી અધિકારીઓને વાકેફ કરી યોગ્ય રણનિતિ ઘડી ઝડપથી કેસોની સુનાવણી થાય તે જોવાનું રહેશે.

૧૦. લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરોના જે કેસો કોર્ટના બોર્ડ ઉપર આવે તે કેસોમાં શકય હોય ત્યાં સુધી તપાસ અધિકારીની અદાલતોમાં હાજરી ઓછી રહે તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે. જેથી લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરોની મૂળ કામગીરી ટ્રેપ/ડિકોય કેસો વધુ કરવાની છે તેમાં વધારો થઈ શકે.

૧૧. આપના તાબા હેઠળ..........................જીલ્લાની કચેરીઓ આવેલી છે. જેમાં જીલ્લાવાર...........કેસો વિવિધ કોર્ટોમાં પડતર છે. આ કેસોની ઝડપથી નિકાલ થાય અને કેટલા કેસોનો નિકાલ શ્રી.......................દ્વારા કરાવવામાં આવ્યો છે તે બાબતે આગામી વર્ષે કરાર રીન્યુઅલ વખતે આ બાબત ધ્યાનમાં લેવામાં આવશે.

નિયામક
લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો,
ગુજરાત રાજ્ય, અમદાવાદ